ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૭ ટકા

## આઈ લવ માય ગાંધીનગર



**મહિન યોગેશભાઈ ત્રિવેદી**
કૉલેજ વિદ્યાર્થી

**ગાંધીનગર ગમે**

ગ્રીનરી, રમણીયતા, પહોળા રસ્તા, ઓછું પ્રદૂષણ, વાઈફાઈ જેવી નવી ટૅકનોલૉજી, સતત મળતી વીજળીને કારણે ગાંધીનગર શહેર મને ખૂબ ગમે છે.

**નગરજનો**

નગરજનો મળતાવડા અને ઉત્સવપ્રિય છે. અહીંની પ્રત્યેક નવરાત્રી યાદગાર હોય છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સરકાર દ્વારા પ્રજાસત્તાક દિવસ અને સ્વતંત્રતા દિવસ અને વાઈબ્રન્ટ ગુજરાત મહોત્સવની ઉજવણી ખૂબ ગમે છે.

'ગાંધીનગર ડાયરી' નામે અમે સંસ્થાનો આરંભ કર્યો છે, તેની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

રોજગારી માટે બહોળી વ્યવસ્થા ગોઠવાય અને ફોટોગ્રાફી માટે કંઈક હટકે મળે એવી નગર પાસે અપેક્ષા છે.

**નગર માટે હું કરી શકું**

સ્વચ્છતા અને સેવા માટે હું મારો ફાળો આપવા ને જાગૃત નાગરિક તરીકે મારી ફરજ બજાવવા હું તત્પર છું.

# શહેરમાં લગ્નસરાની મોસમ પુરબહારમાં ખીલી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં નોટબંધીના માહોલ બાદ લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. આગામી પંદર દિવસ સુધી શહેરમાં સંખ્યાબંધ લગ્નો યોજાવાના છે. અત્યારે હાલ દરેક સેકટરોમાં પાંચથી વધુ લગ્નોની શરણાઈ ગુંજી ઉઠે છે. શહેરમાં સાંજ ઢળતાં જ ડી.જે અને બેન્ડવાજાના સંગીતના સથવારે ડાન્સ તેમજ ગરબા ગાતા નાગરીકો નજરે પડે છે ત્યારે લગ્નની મૌસમ હોવાથી ગાંધીનગર શહેરના તેમજ આસપાસના વિસ્તારમાં આવેલ તમામ પાર્ટી પ્લોટ બુક થઈ ગયા છે. રૂપિયા આપતા પણ પાર્ટી પ્લોટ ન મળતા કેટલાક નાગરીકોએ સેકટરના આંતરીક માર્ગ પર આવેલ કોમન પ્લોટમાં લગ્નનું આયોજન કર્યું છે. શહેરમાં લગ્નની સિઝનને કારણે અનેરો માહોલ જામ્યો છે.



ગાંધીનગર શહેરમાં વસંત પંચમીના દિવસથી લગ્નની સિઝન ખીલી ઉઠી છે. ત્યારે ગાંધીનગર શહેરમાં પણ નોટબંધી બાદ બેંકમાં રૂપીયા ઉપાડવાના નિયમો હળવા થતા લગ્નની સિઝન પુરબહારમાં ખીલી છે. જયારે ઠંડી પણ વધુ ન હોય અને ગરમી પણ વધુ ના હોય તેવો આ સમયગાળાને લગ્ન પ્રસંગ માટે ઉત્તમ માનવામાં આવે છે. જયારે શહેરમાં આગામી તા.૩ થી ૭ અને ૧૪ થી ૨૦ ફેબ્રુઆરી અસંખ્ય લગ્ન સમારોહ યોજાશે. જયારે અત્યારે હાલના સમયે લગ્ન હોવાથી મંડપ, કેટરીંગ, ફુલો, ગાડી, બેન્ડવાજા, ઘોડા, કેમેરામેન, સહિતના વેપારીઓને અત્યારે હાલના સમયે ધંધામાં તેજી આવી ગઈ છે. લગ્નની સિઝન હોવાથી આ કામના માણસો મળતા ન હોવાથી તે કહે તે ભાવે ઓર્ડર મળે છે. જયારે ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાં આવેલ પાર્ટી પ્લોટ તો અગાઉથી જ બુકીંગ થઈ ગયા છે. ત્યારે ગાંધીનગરમાં પણ લગ્નની મૌસમ પુરબહારમાં ખીલી હોવાથી નાગરીકોને આગામી ૧૫ દિવસ ઢોલ નગારા અને શરણાઈના સુરો સાંભળવા મળશે. જયારે શહેરના કેટલાક નાગરીકોને પાંચથી વધુ કંકોતરી મળી હોવાથી કયાં જવુ અને કયાં ન જવું તેની પણ અસમંજસ અનુભવી રહ્યા છે.



સ્વચ્છતા ત્યાં પ્રભુતા એ વાત સુવિચારમાં કહેવાઈ છે પરંતુ રાજયના પાટનગરમાં જ સ્વચ્છતાની એક માત્ર સેવા મનપા પાસે હોવા છતાં સફાઈ જળવાતી નથી. ડસ્ટ ફ્રી કેપીટલ બનાવવાની લોભામણી વાતો પણ કરાઈ અને પશુધન જે રખડે છે તેને નાથવા માટે આરંભે શુરા ગુજરાતીની વાતને સાચી પુરવાર કરવા માટે તંત્રે જાણે કવાયત હાથ ધરી હોય એમ લાગે છે.

નગરમાં રખડતા પશુઓની સંખ્યા કદાચ ઓછી થઈ છે એવો સંતોષ ભલે અનુભવતા હોઈએ પરંતુ ભૂખી ગૌમાતા સામાન્યતઃ જયાં સ્વચ્છતા હોય ત્યાં વધુ જતી હોવાની ગામઠી વાત ઈતિહાસ બનતી હોય તેવી આ તસવીર. જયાં પ્લાસ્ટીક, બીજો કચરો અને વચ્ચે ગાય બેઠેલી જોઈ ઉત્તરાયણ અને જન્માષ્ટમી જેવા પર્વે ગાયને ઘાસ નીરનારાઓની આંખના ખૂણા ભીના થાય તેવી આ વાત છે. સ્વચ્છ ભારત અભિયાન માટે સ્વચ્છતાને ટેવ બનાવવા માટે વારંવાર ભાષણો રાજકીય નેતાઓ આપે છે પણ સ્વચ્છતા દેખાતી નથી. આવી દારૂણ દશા રાજયના પાટનગરની હોય તો રાજયના અન્ય વિસ્તારોની તો વાત જ કયાં કરવી?

## શહેરમાં ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ટપાલ સેવાને અનુલક્ષીને પ્રશ્નો ઉભા થવા પામ્યા છે. ટપાલ સેવા દિન પ્રતિદિન કથળતી જાય છે. પોસ્ટ ઓફિસના વિવિધ પ્રશ્નોને કારણે નાગરીકો હેરાન પરેશાન થઈ જાય છે. ત્યારે ગાંધીનગરની પ્રજાને સ્પર્શતા ટપાલ સેવાના પ્રશ્નોના નિરાકરણ માટે સિનિ. સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવિઝન સે-૧૧ ખાતે આગામી તા.૧૩ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ અદાલતમાં ટપાલ સેવાઓને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે. નાગરીકો પોતાની ફરિયાદો સિનિ. સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવીઝન સે-૧૧ ખાતે મોડામાં મોડી તા.૮-૨-૧૭ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય બાદ મળેલ ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહી. નાગરીકોએ ફરિયાદ સ્પષ્ટ, મુદ્દાસર તેમજ એક જ વિષય પર હોવી જોઈએ નિતિ વિષયક ફરિયાદોને ઉપરોકત ડાક અદાલતમાં ધ્યાને લેવામાં આવશે નહી તેમ સિનિ. સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ દ્વારા જણાવાયું છે.

# જિલ્લામાં ૩ પીઆઈ, ૧૩ પીએસઆઈની આંતરિક બદલી

ગાંધીનગર, તા.૨

જિલ્લા પોલીસ વડાએ ગઈ સાંજે જિલ્લામાં ફરજ બજાવતા ત્રણ પીઆઈ અને ૧૩ પીએસઆઈની આંતરીક બદલીઓના આદેશ કર્યા હતા. વાઈબ્રન્ટ સમિટ પહેલા રાજયમાં પીઆઈ ટુ ડીવાયએસપીના પ્રમોશન અને પીએસઆઈ ૩ પીઆઈના પ્રમોશન ઉપરાંત પીએસઆઈની ટ્રાન્સફર્સ થવા પામી હતી. આ બઢતી બદલીઓમાં ગાંધીનગર જિલ્લામાંથી પણ ઘણા અધિકારીઓની બદલી થઈ હતી અને ઘણા ગાંધીનગરમાં મુકાયા હતા. આ ફેરફારોને પગલે જિલ્લામાં બદલીઓ કરી પીએસઆઈ-પીઆઈને નિમણુંકો આપવામાં આવી છે.

દહેગામ પીઆઈ ભરત પટેલને બઢતી મળતા ખાલી પડેલી જગ્યા પર માણસામાં ફરજ બજાવતા પીઆઈ કે.એચ. સુર્યવંશીને દહેગામ મુકવામાં આવ્યા છે. સે-૭ સેકન્ડ પીઆઈ તરીકે ફરજ બજાવતા એચ.જી. પલ્લાચર્યાને માણસામાં નિમણુંક આપવામાં આવી છે સે-૨૧ સિની. પી.આઈ. મીની જોષેફની જિલ્લા બહાર બદલી થતા ખાલી પડેલી જગ્યા પર મહિલા પોલિસ સ્ટેશનના પીઆઈ એમ.એસ. પટેલ (મિનાક્ષી પટેલ) ને સે-૨૧ સિનિ. પીઆઈ તરીકે મુકવામાં આવ્યા છે. મહિલા પોલીસ સ્ટેશનનો વધારાનો હવાલો સંભાળવાનો રહેશે. તે ઉપરાંત સાંતેજ પીઆઈ બી.એન. દવેને કલોલ તાલુકાનો વધારાનો હવાલો સંભાળવા આદેશ કરાયો છે.

૧૩ પીએસઆઈને અપાયેલી નિમણુંક અને બદલીઓમાં લીવ રીઝર્વ કંટ્રોલ રૂમમાં ફરજ બજાવતા પીએસઆઈ વી.બી. દેસાઈને પેથાપુર પોલિસ સ્ટેશન, ડી.બી વાળાને ડભોડા પોલીસ સ્ટેશન, વી.એમ. દેસાઈને સે-૭, પી.જે. પંડયાને ઈન્ફોસીટી, જે.ડી. દેવડાને માણસા, બી.એમ. પટેલને કલોલ તાલુકા, એસ.બી.વાઘેલાને સાંતેજ પોલીસ સ્ટેશન મુકવામાં આવ્યા છે તે ઉપરાતં ડભોડા પીએસઆઈ એન.એમ. ચૌધરીને દહેગામ, એલસીબી પીએસઆઈ આર.એન. વાઘેલાને ઈન્ફોસીટી, માણસા પીએસઆઈ બી.સી. વાઘેલાને કલોલ તાલુકા ખાતે મુકવામાં આવ્યા છે.

તે ઉપરાંત લીવ રીઝર્વ કંટ્રોલ રૂમમાંથી પીએસઆઈ ડી.ડી. પરમારને એસઓજી, કે.જે. રાઠોડને એલસીબી અને એસ.બી. પઢેરીયાને એલસીબીમાં મુકવામાં આવ્યા છે.

## રાજભવનમાં શ્રીમતી અવિનાશ કોહલીના જન્મદિન નિમિત્તે રકતદાન શિબિર

ગાંધીનગર, તા.૨

લેડી ગર્વનર શ્રીમતી અવિનાશ કોહલીના જન્મદિન નિમિત્તે આજે રાજભવન ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલી અને લેડી ગવર્નર શ્રીમતી અવિનાશ કોહલીએ શિબિરની મુલાકાત લીધી હતી અને તમામ રકતદાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી તેમની સેવા ભાવનાને બિરદાવી હતી.

આ પ્રસંગે રાજભવનમાં નવનિર્મિત અદ્યતન રસોઈઘરનું શ્રીમતી અવિનાશ કોહલી અને રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ વિધિવત ઉદઘાટન કર્યું હતું.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ જિલ્લા શાખા, સિવિલ હોસ્પિટલ ગાંધીનગર અને રાજભવનના સંયુકત ઉપક્રમે યોજાયેલ રકતદાન શિબિરમાં રાજભવન પરિવારના અધિકારી-કર્મચારીઓ તથા પરિવારજનો, સ્વૈચ્છિક રકતદાતાઓ, સંરક્ષણ દળોના જવાનો, યુવાઓ તથા સેવાભાવી સંસ્થાઓના સદસ્યોએ મોટી સંખ્યામાં રકતદાન કર્યું હતું.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ જિલ્લા શાખાના પદાધિકારીઓ, સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના તબીબો અને મેડિકલ સ્ટાફ, રાજભવનના અધિકારીઓ-કર્મચારીઓની શિબિરના સફળ આયોજન માટે રાજયપાલશ્રીએ પ્રશંસા કરી હતી.

## સે-૭/ડીમાં થતી ચોરીઓ સામે ૫મીએ વસાહતીઓની બેઠક

ગાંધીનગર, તા.૨

સેકટર-૭-ડીમાં છેલ્લા થોડા સમયથી ચોરીનો ઉપદ્રવ વધેલ છે. ચાર બંધ મકાનોમાં ચોરીઓ થયેલ છે. એક પણ ચોરી પકડાયેલ નથી. અન્ય મકાનો બંધ ન હોવા છતાં ચોરીનો નિષ્ફળ બનાવ બનેલ છે. આથી સેકટર-૭-ડીમાં જાગૃતિ લાવવાની જરૂર છે અને ચોરીનો ઉપદ્રવ બંધ થાય તે માટે સેકટર-૭-ડીના નાગરિકોએ પ્રયત્ન કરવાની જરુર છે. જેથી ચર્ચા વિચારણા કરવા માટે ૫મી ફેબ્રુઆરીએ સાંજે ચાર વાગે સેકટર-૭-ડીના બગીચામાં એક બેઠક યોજવાનું નક્કી કરવામાં આવેલ છે.

સેકટર-૭-ડીમાં ૭૦ ટકા જેટલા પેન્શનર્સ/સીનીયર સીટીઝનો વસે છે તે જાગીને પેટ્રોલિંગ કરી શકે તેમ નથી. યુવા વર્ગ નોકરી-ધંધાર્થે દિવસ દરમિયાન વ્યસ્ત રહે છે. તેથી તેઓ પણ રાત્રિ જાગરણ કરી પેટ્રોલિંગ કરી શકે તેમ નથી જેથી આનો વિકલ્પ વિચારવાની જરૂર છે. એક વિકલ્પ સે-૭-ડીની ચારે બાજુ મુખ્ય રસ્તા પર દરેક એન્ટ્રી પર સીસીટીવી કેમેરા લગાડી મોનીટરીંગ કરવાનો છે. આ માટે દરેક ઘર દીઠ ખર્ચ કરવાનો થાય તેમ છે જેની વિચારણા આગામી બેઠકમાં કરવાની રહેશે.

આ બેઠકમાં સીસીટીવી લગાડવા, કેટલા લગાડવા, કયા કયા સ્થળે કમેરા લગાડવા, કેટલો ખર્ચ થાય તેની ચર્ચા કરવાની હોય સે-૭-ડીના વસાહતીઓને અચુક મીટીંગમાં હાજરી આપવા માટે ગાંધીનગર શહેરીજન સંસ્થા સે-૭-ડી ગાંધીનગરના પ્રમુખ શ્રી જયંતભાઈ જી. ભટ્ટે જણાવેલ છે.

### બોરીજ ગામમાં દેશી દારૂના અડ્ડાઓ પર સફાયો : દારૂ બંધ કરાવવા ગ્રામજનો સાથે પોલીસે બેઠક કરી

ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી નિવાસસ્થાનને અડીને આવેલા બોરીજ ગામમાં દેશી દારૂના અડ્ડાઓ ચાલતા હતા. આ મામલે થયેલી ફરિયાદો તથા ઠાકોર સેનાના અલ્ટીમેટમ બાદ જિલ્લા પોલીસ વડાએ આ સ્થળ પર વિશેષ વોચ રાખી દારૂ સદંતર બંધ કરાવવા સુચના આપી હતી. જે અનુસંધાને એલસીબી અને સે-૨૧ પોલીસની ટીમોએ બે દિવસમાં ૧૨ જેટલી રેડ અલગ અલગ અડ્ડાઓ પર કરી હતી. જો કે કયાંથી દારૂ મળી આવ્યો ન હોવાથી રીપોર્ટ 'નીલ' આવ્યો છે. તો બીજી તરફ આ ગામમાં દારૂનો ધંધો કરવા પંકાયેલા તત્ત્વોને પણ લીસ્ટ આદિ કરી તેમના પર વૉચ રાખવામાં આવી રહી છે. જયારે સે-૨ના સેકન્ડ પીઆઈએ બોરીજના ગ્રામજનો સાથે બેઠક કરી દારૂ ન પીવા તથા દારૂ વેચાતો હોય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા અને સહકાર આપવા અપીલ કરી છે.





શહેરના સેકટર-૬ થી સેકટર-૭ તરફ શાકભાજી ભરીને લઈ જવાતી લારીને ઘ માર્ગ પરથી પસાર થતી કારે અડફેટે લઈ લેતા શાકભાજીની લારી ઊંધી થઈ ગઈ હતી અને શાકભાજી રસ્તા પર ઢોળાઈ ગઈ હતી. અકસ્માત સર્જાનાર કાર ચાલક ઉભો રહ્યો ને માનવતા બતાવી લારી લઈને જતા યુવાનને પુછયું હતું કે કોઈ ઈજા તો થઈ નથી ને...? શાકભાજી ઢોળાઈ જતાં થયેલું નુકશાન પણ કાર ચાલકે ભરપાઈ કરી દીધું હતું. આ મામલે પોલિસ ફરિયાદ નોંધાવા પામી ન હતી.

### ખ-૬ સર્કલ નજીક બેફામ જતી કારે એકટીવાને અડફેટે લીધું

ગાંધીનગર, તા.૨

શહેરના ક-૬ થી ખ-૬ સર્કલ તરફ જતા માર્ગ પર ખ-૬ સર્કલ નજીક ગઈ સાંજે અકસ્માત સર્જાયો હતો. જીજે ૧૮બી.ડી.૨૨૫૩ નંબરની કાર લઈને જતાં સે-૨૫માં રહેતા મયંક અશોકભાઈ વ્યાસે એકટીવાને ટકકર મારતા એકટીવા ચાલક યુવાન વિશાલ વાઘેલા ઘાયલ થયો હતો. ઈજાગ્રસ્ત હાલતમાં વિશાલને હૉસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. વિશાલના પિતા વિક્રમસિંહ ચંદુજી વાઘેલાની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે કાર ચાલક મયંક વ્યાસ સામે ગુનો દાખલ કરી ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

## બજેટમાં દલિતો-વંચિતો માટે અપુરતી જોગવાઈ

ગાંધીનગર, તા.૨

દલિતો માટે અંદાજપત્રમાં રૂ. ૫૨૩૯૩ કરોડની જોગવાઈ



સુચવવામાં આવી છે. જે ચાલુ વર્ષની જોગવાઈમાં ૫.૬ ટકાનો વધારો સૂચવે છે. જયારે જનરલ બજેટમાં કુલ ખર્ચની જોગવાઈમાં ૬.૫ ટકાનો વધારો સૂચવાયો છે. જે દલિતોના વિકાસ માટેની સંવેદનાનો અભાવ બતાવે છે. વળી ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં રૂ. ૧૫,૪૭,૬૭૩ કરોડ (રૂ. ૫.૮ લાખ કરોડ વ્યાજની રકમ બાદ કરતાં)ની કુલ ખર્ચની જોગવાઈ સામે રૂ. ૫૨૩૯૩ કરોડની જોગવાઈ અનુસૂચિત જાતિની દેશમાં ૧૪ ટકા વસ્તીના પ્રમાણમાં ખૂબ જ ઓછી કરવામાં આવી છે. ખરેખર તો ૨ લાખ કરોડ ઉપરાંતની જોગવાઈ કરવી જોઈએ. આમ ઓછી જોગવાઈ દલિતોના વિકાસમાં અવરોધ કરશે.

નાણામંત્રીશ્રીએ અંદાજપત્રમાં ૧૭ ટકા જેટલો ઉંચો વિકાસદર અંદાજયો છે પરંતુ રોજગારીમાં ઉંચા વિકાસ દરના પ્રમાણમાં રોજગારીમાં વધારો ન થાય તો ગ્રોથ વિધાઉટ જોબ ગ્રોથ ગણાય.

અનુસૂચિત જાતિના ટેલેન્ટેડ વિદ્યાર્થીઓ માટેની સેન્ટ્રલ ગવર્નમેન્ટ સ્કોલરશીપ ફોર શેડયુલ્ડ કાસ્ટ સ્ટુડન્ટસ માટેની યોજનામાં આવકની મર્યાદા દુર કરવા તથા ફોરેનની નામાંકિત યુનિ.માં મેનેજમેન્ટની તાલીમ લેવા માટે તેજસ્વી અનુ. જાતિના વિદ્યાર્થીને રૂ. ૫૦ લાખની વ્યાજ રહિત લોન આપવા માટે જોગવાઈ કરવાનો બજેટ સ્પીચમાં ઉલ્લેખ નથી તે શોચનીય છે.

# ચિલોડા એસ.ટી. કન્ટ્રોલરની પ્રસંશનીય કામગીરી

## અગત્યના દસ્તાવેજો સાથેની બેગ બસમાં ભુલી જઈ ચિલોડા ઉતરી ગયેલ મુસાફરના મનમાં ગુજરાતીઓની શ્રેષ્ઠ ભાવના અંકિત થઈ



ગાંધીનગર, તા.૨

ચિલોડા એસ.ટી. કન્ટ્રોલરે બુધવારના રોજ એક પરપ્રાંતિય મુસાફરની બસમાં રહી ગયેલ બેગ પરત મેળવવા કરેલ અથાગ મહેનત રંગ લાવતા મુસાફરની આંખમાંથી ખુશીના આંસુ સરી પડયા હતા. અગત્યના દસ્તાવેજો સાથેની બેગ બસમાં જ રહી જતા ફરીદાબાદના આ મુસાફરે હાંફળા ફાંફળા બની કન્ટ્રોલર પાસે મદદ માંગી હતી. હર હંમેશ માનવતવાદી કાર્ય કરવા ટેવાયેલા કન્ટ્રોલરે તરત જ પોતાના ચક્રો ગતિમાન કરી અમદાવાદ સુધી સંપર્ક કરી બેગને અમદાવાદથી ચિલોડા પરત મંગાવી મુસાફરને સોંપતા મુસાફર ગદગદીત થઈ ગયો હતો અને ગુજરાતી લોકોની શ્રેષ્ઠ ભાવના પોતાના હદયમાં અંકિત કરી લીધી હતી.

ચિલોડામાં બનેલી એક સુખદ ઘટનાએ ગુજરાતીઓના માન-મોભામાં વધારો કરી દીધો છે. બનેલ ઘટનાની વિગત એવી છે કે ફરીદાબાદના નાગેન્દ્રકુમાર રાય બુધવારના રોજ પાલજ મુકામે અમદાવાદની બસમાંથી ઉતર્યા હતા જેમાં તેઓને પછી ખ્યાલ આવ્યો કે તેમની અગત્યના દસ્તાવેજો સહિતની બેગ બસમાં ભુલી ગયેલ છે જે માટે તેઓ તરત દોડતાં ચિલોડા આવી એસ.ટી. કન્ટ્રોલર રાજદિપસિંહ જી. રાઠોડને મળી વિગત કહી હતી. જેમાં રાજદિપસિંહે ગંભીરતા સમજી તાત્કાલીક ફોન દ્વારા અમદાવાદ, નરોડા તથા કેટલાક એસ.ટી. કડંકટરોનો સંપર્ક કર્યો હતો અને અનેક પ્રયત્નો પછી એસ.ટી. બસની ભાળ મળી હતી અને વળતી બસમાં બેગ મંગાવી મુસાફરને પરત કરી હતી. એસ.ટી. કન્ટ્રોલરની પ્રશંસનીય કામગીરીથી પર પ્રાંતિય મુસાફર ગળગળો થઈ આંખમાંથી આંસુ લાવી દીધા હતા અને ગુજરાતીઓના ભરપેટ વખાણ કરી તેમની ભાવનાને બિરદાવી હતી. અગાઉ પણ આ એસ.ટી. કન્ટ્રોલરની પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને પ્રશંસનીય કામગીરીની નોંધ લેવાયેલ છે.

## ચિરવિદાય

- સ્વ. શારદાબેન ચીમનલાલ બારોટ, ઉ.વ. ૪૭
- સ્વ. રેવાબેન સોમાભાઈ પટેલ, ઉ.વ. ૯૧
- સ્વ. સચ્ચિદાનંદ રામચંદ્ર રાય, ઉ.વ. ૭૦
- સ્વ. મનુભાઈ પ્રહલાદભાઈ પટેલ, ઉ.વ. ૬૩
- સ્વ. કાશીબેન અમરતભાઈ ઠાકોર, ઉ.વ. ૪૫
- સ્વ. રણછોડભાઈ ધરમશીભાઈ પરમાર, ઉ.વ. ૩૮
- સ્વ. પૂંજાજી રણછોડજી ઠાકોર, ઉ.વ. ૪૯
- સ્વ. વિરૂભાઈ પ્રભુભાઈ ઠાકોર, ઉ.વ. ૫૨
- સ્વ. પ્રભુદાસ ખેતદાસ પટેલ, ઉ.વ. ૬૬